જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/03/૨૦૧૭ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૩૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૩૧૭ લીટર દેશી દારૂ, ૧૩૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૬,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૩૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૬૩૩/૧૭

**સોલા હાઈકોર્ટઃ** વિશાલ નરેશભાઇ શર્મા (રહે. યોગેશ્વર બંગ્લોજ, ગુલાબ ટાવર, થલતેજ સોલા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૩/૧૭ કલાક ૦૦/૦૦ થી કલાક ૪/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

## સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૬૩૪/૧૭

**બાપુનગરઃ** ડિમ્પલબહેન વા/ઓ દેવેંદ્રભાઇ પંચાલ (ઉ.વ.૨૫) (રહે. ગામ મુંગેડ થાના-આસ્પુર તાલુકો-આસ્પુર જીલ્લો-ડુંગરપુર રાજસ્થાન) તા.૨૬/૦૩/૨૦૧૭ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે બાપુનગર હિરાવાડી કીર્તિ ડેરી સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ ડિમ્પલબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ડિમ્પલબહેન પંચાલે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઈસનપુરઃ** પારુલબેન વા/ઓ ત્રુસીતભાઈ ઠક્કર (ઉ.વ.૪૫) (રહે.આસોપાલવનગર આનંદવાડી બસ સ્ટોપ સામે ઇસનપુર) તા.૨૫/૩/૧૭ રાતના ૧૦/૩૦ વાગ્યા સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૦ થી ૨૨ વર્ષના આશરાના) બે પુરૂષ પારુલબહેનના ગળામાંથી પેન્ડલ સાથે સોનાની ચેઈન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પારુલબહેન ઠક્કરે ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૩૫/૧૭**

**શાહપુરઃ** સલીનાબાનુ ડો\ઓ મુન્નાભાઈ કુરેશી (ઉ.વ.૧૬) (રહે. નવોવાસ ચાંદભાઈની ચાલી મિરઝાપુર) એ અગમ્ય કારણસર તા-૨૩/૦૩/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે માંકડ મારવાની દવા પી લીધી હતી. સારવાર માટે વા.સા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જે.રાઠોડ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)